# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# STHANIK SAVRAJYA CHUTANI

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે. ઉમેદવારી પત્રો સવારના 10 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી ભરી શકાશે. દરમિયાન આજે સવારથીજ રાજ્યની વિવિધ કચેરીઓમાં ઉમેદવારી પત્રો ભરવાનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને પક્ષો સહિત અપક્ષ ઉમેદવારો ઢોલ નગરા સાથે રેલી કાઢી ફોર્મ ભરવા પહોંચ્યા છે. અમદાવાદ મહાનગરપાલિકાના ઉમેદવારી પત્રો ભરવાની પક્રિયા અમદાવાદ જિલ્લા કલેક્ટર અને બહુમાળી ભવન ખાતે ચાલી રહી છે. જુદા જુદા વોર્ડના ઉમેદવારોને નક્કી કરેલ અધિકારીઓ સમક્ષ ઉમેદવારી પત્રો રજૂ કરવાના છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ ચુંટણી દ્વારા ગત મોડી રાત્રે તમામ ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે વધુ માહિતી આપે છે જગદીશ વિશ્વકર્મા

**(BYTE : JAGDISH VISHWAKARMA)**

દરમિયાન કોંગ્રેસે અમદાવાદ મહાનગરપાલિકાના અને સ્થાનિક સ્વરાજ્યની અન્ય ચૂંટણીઓના ઉમેદવારોના નામો ગત મોડી રાત્રે જાહેર કર્યા હતા. પરંતુ અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલીક બેઠકો ઉપર એક કરતાં વધુ ઉમેદવારોએ દાવો કરતાં કોંગ્રેસે ઉમેદવારોને ફોન દ્વારા જાણ કરીને મેન્ડેડ આપવામાં આવતા સવારથીજ ઉમેદવારી પત્ર ભરવા જે તે

કચેરીએ પહોંચી ગયા હતા. કોંગ્રેસના પ્રવક્તા ડૉક્ટર મનીષ દોશીએ આકાશવાણી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અમે અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષી પંચના ઉમેદવારોને રાજકીય રીતે આપેલ અનામત પ્રમાણે ઉમેદવારોની પસંદગી કરી છે. આ અંગે તેમણે વધુ જણાવ્યું

(BYTE : MANISH DOSHI)

ઉમેદવારોની અત્રે ઉલ્લેખનીય છે કે આગામી 26 મી અપ્રિલે રાજ્યની 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લાપંચાયતો તથા 260 તાલુકાપંચાયતોની સામાન્ય ચુંટણી તેમજ 11 નગરપાલિકાઓની પ્રસંગોપાત  ખાલી પડેલી 13 બેઠકોની પેટા ચુંટણી યોજાશે. ઉમેદવારીપત્રોની ચકસાણી 13 મી એપ્રિલે અને ઉમેદવારીપત્રો પરત ખેચવાની છેલ્લી તારીખ 15 મી એપ્રિલે છે. જ્યારે તમામ બેઠકોની મત ગણતરી 28 મી એપ્રિલે યોજાશે.

# STATE - UMEDVARI PATRO

મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ગરમાઓ જોવા મળી રહ્યો છે. મહેસાણાની તાલુકા પંચાયતોનમાં 222, મહેસાણા જિલ્લા પંચાયતમાં 49 અને મહેસાણા મહાનગરપાલિકામાં 46 અને નગરપાલિકામાં 134 ઉમેદવારી પત્રો ભરાયા છે.

સુરત મહાનગરપાલિકાના ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવારો આજે કલેક્ટર કચેરી ઉમેદવારી પત્ર ભર્યા.

મહિસાગર જિલ્લાના ઉંદરા, ભલાડા બંને જિલ્લા પંચાયત અને તેની નીચે આવતા તાલુકા પંચાયતના તમામ ઉમેદવારો ફોર્મ ભરવા લુણાવાડા પહોંચ્યા.

વલસાડમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જિલ્લા, તાલુકા પંચાયતની 186 બેઠકો પર  અંતિમ દિવસે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

અરવલ્લી જિલ્લા પંચાયત તેમજ મોડાસા નગરપાલિકા સહિત વિવિધ બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસના આગેવાનો રેલી સાથે ઉમેદવારી પત્ર ભરવા પહોંચ્યા હતા.

બનાસકાંઠા અને વાવ થરાદ જિલ્લામાં ચૂંટણીને લઈને માહોલ ગરમાયો છે, આજે અંતિમ દિવસે તમામ બેઠકો પર ઉમેદવારી પત્ર ભરવામાં આવશે.

# KASTURBA JAYANTI

સેવા, ત્યાગ અને સમર્પણના મૂલ્યોનું પ્રતિક બનેલા પૂજ્ય કસ્તૂરબા ગાંધીજીની 175મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતે તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ  પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી ચૌધરીએ આ પ્રંસગે જણાવ્યું હતું કે, પૂજ્ય કસ્તૂરબા ગાંધીજીએ માત્ર મહાત્મા ગાંધીજીના જીવનસાથી તરીકે જ નહીં, પરંતુ રાષ્ટ્રસેવામાં સહયોગી બનીને નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. મહાત્મા ગાંધીજી દેશસેવામાં સમર્પિત હતા ત્યારે કસ્તૂરબા ગાંધીજી તેમની સાથે પડછાયા સમાન રહી અવિરત સહયોગ આપ્યો હતો.